ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



ઉનાળાની કાળઝાળ ગરમીમાં એસટી બસમાં મુસાફરી કરવી એક જાતની સજા જ છે. આવા સમયે જો એસટી બસ બંધ થઈ જાય તો ? માંડ માંડ ચાલતી એસટી બસ બંધ થઈ જાય ત્યારે મુસાફરો હેરાન પરેશાન થઈ જાય છે. ડભોડા નજીક બંધ પડેલી એસ.ટી. બસને મુસાફરોએ ધક્કો મારીને ચાલુ કરવી પડી હતી.

# સે-૧૭માં નવા એમએલએ કવાટર્સ બાંધવાની યોજના ખોરંભે પડી

**થોડા સમય અગાઉ ખાતમુહુર્ત કરવાનુ આયોજન કરાયુ હતુ પરંતુ કોઇકારણોસર કાર્યક્રમ પડતો મુકાયો : છ કક્ષાના ૧૨૦ ભયજનક મકાનો તોડવાની કામગીરી પણ હજુ બાકી**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં નવા સદસ્ય નિવાસ બાંધવાની યોજના અન્વયે આયોજન કરી દેવાયુ છે. સે-૧૭ ૨૮ હજાર ચો મી જગ્યામાં ૯ માળના ૧૨ બ્લોક બાંધવામાં આવશે. જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૨૪૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે આ કામગીરીને અનુલક્ષી સ્થળ પર છેલ્લા સાડા ચાર દાયકાથી જુના છ કક્ષાના ૧૨૦ મકાનો તોડવાનુ કામ પણ હાથ ધરવામાં આવશે પરંતુ છેલ્લા ઘણાં સમયથી આ યોજનાને અનુલક્ષીને નકશા ડિઝાઈન તૈયાર થઈ ગયા છે. પરંતુ નવા આવાસો બાંધવા માટે ભુમિપુજન કરવામાં વિલંબ થઈ રહ્યો છે. અગાઉ વિધાનસભા સત્ર દરમિયાન સ્થળ પર માચડો બાંધી ભુમિપુજન માટે ગતિવિધિઓ પણ હાથ ધરવામાં આવી હતી પરંતુ કોઈકારણોસર ભુમિપુજનનો કાર્યક્રમ યોજાયો ન હતો.

વિધાનસભા મત વિસ્તારમાં ચુટાયેલા પ્રતિનિધિઓને ગાંધીનગરમાં નવા આવાસો ફાળવવા માટે આગામી દિવસોમાં સે-૧૭ સ્થિત જુના એમ એલ એ કવાર્ટરની જગ્યાએ નવા અદ્યતન મકાનો બાંધવામાં આવશે. સે-૧૭ માં સદસ્ય નિવાસ બાંધવા માટેની કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. જેને અનુલક્ષીને ૨૧૬ ફલેટ ટાઈપ આવાસ બાંધવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ આવાસ નિર્માણ પાછળ અંદાજિત રૂ ૨૪૭ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. સુત્રોના જણાંવ્યા મુજબ આ માટે ૨૮ હજાર ચો મી થી વધુ ક્ષેત્રફળની જગ્યામાં નવા આવાસો બાંધવામાં આવશે જયારે આ યોજના અન્વયે તમામ સુવિધાઓ પણ ઉપલબ્ધ થાય તે મુજબનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. ધારાસભ્યો માટે નવા મકાનો બાંધવા માટે રોડ નં - ૫ પાસે ચ-૫ સર્કલથી નજીક સે-૧૭ માં સ્થળ પસંદગી કરાઈ છે. જયારે આ ઠેકાણે ૧૨૦ બ્લોક તોડીને નવા આવાસો બાંધવામાં આવનાર છે. સે-૧૭ માં વર્ષો અગાઉ આ ઠેકાણે જુના સદસ્ય નિવાસ કાર્યરત હતા જયારે છ કક્ષાના હાલના મકાનો અંદાજિત ૪૫ વર્ષ જુના છે. જયારે નવા આવાસો બાંધવા માટે દાયકાઓ જુના મકાનો તોડી નાંખવાનુ કામ પણ હાથ ધરાશે. જયારે મકાનો તોડવાની કામગીરી પણ નવા આવાસ બાંધવા માટે નિયત કરાયેલી એજન્સી દ્વારા જ હાથ ધરવામાં આવશે. ધારાસભ્યોની સંખ્યા ૧૮૨ છે. જયારે આ તમામ સદસ્યને સુવિધા મળી રહે તે માટે ૯ માળના ૧૨ બ્લોક બાંધવાનુ આયોજન કરાયુ છે. નવા આવાસો અન્વયે ૪ બેડરૂમ, હોલ કીચનની સુવિધા ઉપલબ્ધ કરાશે. જો કે હજુ આવાસ નિર્માણની કામગીરી જુના આવાસો તોડવામાં આવ્યા બાદ હાથ ધરાશે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ કાર્યયોજનાને અનુલક્ષીને ભુમિપુજન કરવા માટે પણ ગતિવિધિ હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ ભુમિપુજન થઈ શક્યુ નથી. જેના લીધે સમગ્ર યોજનાનુ કામ પણ આગળ વધી શક્યુ નથી. વિધાનસભા સત્ર દરમિયાન પણ ભુમિપુજનનો કાર્યક્રમ હાથ ધરવા માટે એમ એલ એ ક્વાર્ટસની સાઈટ પર માચડો બાંધી દેવાયો હતો પરંતુ કોઈકારણોસર ભુમિપુજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો ન હતો. પ્રોજેક્ટને અનુલક્ષી ડિઝાઈન નકશા તૈયાર થઈ ગયા છે. પરંતુ હજુ કામ શરૂ થાય તે દીશામાં આયોજન કરવામાં આવતુ નથી. હાલ તો આ ઠેકાણે છ કક્ષાના કંગાળ આવાસોનુ અસ્તિત્વ જોવા મળી રહ્યુ છે.

# વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં રાખવા આજથી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ

**૧૮ થી ૩૦ એપ્રિલ દરમ્યાન કામગીરી : મે માસમાં આઈડેન્ટીફાય થયેલા ગ્રામ્ય વિસ્તારોમાં સ્પ્રે ની કામગીરી હાથ ધરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૭

રાજયભરમાં આજથી વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં રાખવા બીજા તબક્કાનો હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવશે.

હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન મચ્છરોના પોરા તેમજ બ્રિડીંગ શોધી કાઢવા ઉપરાંત શંકાસ્પદ લોકોના બ્લડ સેમ્પલ લેવામાં આવશે. આ સર્વેલન્સ દરમ્યાન જાહેર સંસ્થાઓની મિલ્કતો, હોટલ્સ, કન્ટ્રકશન સાઈટ્સ તેમજ ઔદ્યોગિક એકમોને પણ આવરી લેવામાં આવનાર છે.

૧૮ થી ૩૦ એપ્રિલ દરમ્યાન આ અભિયાન ચાલશે. આ પછી મે માસમાં આઈડેન્ટીફાય થયેલા ગ્રામ્ય વિસ્તારોમાં સ્પ્રે ની કામગીરી હાથ ધરવામાં આવશે.

આ અગાઉ ૨૧-૩-૨૨ થી ૧-૪-૨૨ સુધી આ સર્વેલન્સનું અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં મચ્છરોના ભારે બ્રિડીંગ અને પોરા મળી આવ્યા હતા.

આ અભિયાન દરમ્યાન વાહકજન્ય રોગચાળા માટે જન જાગૃત્તિ અભિયાન પણ યોજવામાં આવશે. જેમાં મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા, મેલેરિયા કે ચિકનગુનિયા અને ડેન્ગ્યુ ન થાય તે માટે શું કરવું તેમજ મચ્છરોના પોરા દેખાય તો શું કરવું તે અંગેની પણ સમજ લોકોને આપવામાં આવનાર છે.

૨૦૩૦ સુધીમાં સમગ્ર ભારતમાંથી મેલેરિયા નિર્મૂલન કરવાનું લક્ષ્યાંક છે. ગુજરાતમાં આ નિર્મૂલન માટે ૨૦૨૨નું લક્ષ્યાંક હતુ પરંતુ છેલ્લા બે વર્ષમાં કોરોનાની વૈશ્વીક મહામારીને કારણે તે લક્ષ્યાંકને પહોંચવામાં વિલંબ થયો છે.

ગાંધીનગર જિલ્લાને નિસ્બત છે ત્યાં સુધી ગયા વર્ષે મેલેરિયાના કેસ ઘટ્યા હતા પરંતુ ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસોમાં વધારો થવા પામ્યો હતો. જિલ્લામાં આ વખતે તંત્રએ પહેલેથી જ સઘન કામગીરી શરૂ કરી દીધી છે.

# આઈ.આઈ.ટી.ના બે વિદ્યાર્થી કોરોનાની ઝપટમાં

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં નેશનલ લૉ યુનિ.માં કોરોનાની સ્થિતિ કાબુમાં આવ્યા બાદ આજે ગાંધીનગર આઈ.આઈ.ટી.માં બે કેસ નોંધાતા તંત્ર દોડતુ થયું છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર આઈ.આઈ.ટી.માં આજે કોરોનાના બે કેસ નોંધાયા છે. આ બન્ને વિદ્યાર્થી છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ત્રીજી લ્હેર દરમ્યાન આઈ.આઈ.ટી. કેમ્પસ સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભરી આવ્યુ હતુ એટલે તંત્ર આ વખતે વધુ સતર્ક બન્યુ છે. શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ કોરોનાની ઝપટે ચડી રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે વધુ ૧૦ વિદ્યાર્થીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. બે દિવસમાં ૩૩ વિદ્યાર્થીઓને ડિસ્ચાર્જ અપાયુ છે. કોરોનાના હળવા લક્ષણો જણાયા હતા. આ વિદ્યાર્થીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હતા.

શહેરમાં હજુ ૪૨ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તેમજ કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણ માટેની સૂચનાઓ આપી છે.

## સ્કોલરશીપને અનુલક્ષી

# જિલ્લાના ૪૭૫૩ વિદ્યાર્થીઓએ નેશનલ મિન્સ કમ મેરિટની પરીક્ષા આપી

**પરીક્ષામાં ૨૪૦ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા : પરીક્ષા બોર્ડના અધ્યક્ષ અને જિલ્લા શિક્ષણાધિકારીએ પરીક્ષા સેન્ટરની મુલાકાત લીધી**

ગાંધીનગર તા ૧૭

ધો -૮ ના વિદ્યાર્થીઓને મેરિટના આધારે ચાર વર્ષ સુધી શિષ્યવૃતિ આપવા માટે નેશનલ મિન્સ કમ મેરિટની પરીક્ષા લેવામાં આવે છે. ગાંધીનગરમાં પણ ધો - ૮ ના આ વિદ્યાર્થીઓ માટે આજે પરીક્ષા લેવામાં આવી હતી જેના આધારે તૈયાર થયેલા મેરિટના અંતે ધો -૮ ના વિદ્યાર્થીઓને ચાર વર્ષ સુધી પ્રતિમાસ રૂ ૧ હજારની શિષ્યવૃતિ આપવામાં આવશે. ગાંધીનગરમાં પણ ૧૮ કેન્દ્રો પર પરીક્ષાનુ આયોજન કરાયુ હતુ જેમાં જિલ્લામાંથી ૪૭૫૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.



બાળકોને શિષ્યવૃતિ આપવાની યોજના અન્વયે આજે નેશનલ મિન્સ કમ મેરિટ સ્કોરશીપની પરીક્ષા યોજવામાં આવી હતી. ધો -૮ ના બાળકોને મેરિટના આધારે ચાર વર્ષ સુધી પ્રતિ માસ ૧ હજારની શિષ્યવૃતિ આપવાની યોજનાને અનુલક્ષી આજે ગાંધીનગરના ૧૮ કેન્દ્રો પર સ્કોલરશીપ પરીક્ષાનુ આયોજન કરાયુ હતુ. આ પરીક્ષામાં જિલ્લાના ૪૭૫૩ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જયારે પરીક્ષાને અનુલક્ષી નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી ૨૪૦ ની હાજરી ઘટી હતી. જો કે પરીક્ષાને અનુલક્ષીને વિદ્યાર્થીઓમાં વિશેષ ઉત્સાહ પણ જોવા મળ્યો હતો જિલ્લા શિક્ષણાધિકારીએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે તા ૧૭ એપ્રિલના રોજ સવારે ૧૧ થી

# મનપા અને સેવાભાવી સંસ્થાના સહયોગથી વાવોલમાં નિ:શુલ્ક મેડીકલ કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મનપા અને હેલ્પિંગ હેન્ડઝ ટ્રસ્ટ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે વાવોલ પ્રા. શાળા ખાતે આજે ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ નિદાન કેમ્પમાં ૧૯૭ લોકોને ચશ્મા મફત આપવા ઉપરાંત ૧૮ લોકોને મોતિયાના ઓપરેશન માટે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

૨૪૭ લોકોનુ સામાન્ય ચેક-અપ પણ આ કેમ્પમાં કરવામાં આવ્યુ હતુ. ૧૫૩ જેટલા બાળકોને મલ્ટી વિટામીન, શરદી, ખાંસી અને કફ સિરપ આપવામાં આવ્યા હતા.

આ મેડિકલ કેમ્પમાં મનપાના ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલ, ભાજપના મહામંત્રી ધર્મેન્દ્રસિંહ, હેલ્પિંગ હેન્ડઝ ટ્રસ્ટના ડિમ્પલ વરિંદાની, સુનીલ રામ, મનપાના મેડિકલ ઓફિસર ડૉ. કલ્પેશ ગોસ્વામી અને તબીબોની ટીમ હાજર રહી હતી.

આ કેમ્પમાં લોકોનો સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. આગામી દિવસોમાં શહેરના અન્ય વિસ્તારોમાં પણ આવા કેમ્પનું આયોજન કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગુજરાત સરકાર
આઝાદી નો અમૃત મહોત્સવ

સ્વચ્છતા અપનાવીએ
શહેરની દરેક શેરી, મહોલ્લાને સુંદર બનાવીએ

ગુજરાત રાજ્યની તમામ ૮ મહાનગરપાલિકાઓ તથા ૧૫૬ નગરપાલિકાઓમાં કુલ ૫,૬૦,૦૪૬ વ્યક્તિગત શૌચાલયોની સેવા પૂરી પાડવામાં ગુજરાત ભારતનું અગ્રણી રાજ્ય છે

વિશ્વ ધરોહર દિવસ ૧૮ એપ્રિલ, ૨૦૨૨
આપણા ભવ્ય વારસાને જાળવીએ, હેરિટેજ સ્થળોને સ્વચ્છ અને સુંદર બનાવીએ

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ
રાજ્યની ૧૬૪ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના કુલ ૧૩૭૪ વોર્ડમાં ઘન કચરાનું ૧૦૦% ડોર ટુ ડોર કલેક્શન થાય છે. જે પૈકી કુલ ૧૩૦૨ વોર્ડમાં ઘન કચરાનું ૧૦૦% સેગ્રીગેશન કરવામાં આવે છે.

રેગ પીકર્સ શ્રમજીવી આર્થિક વિકાસ યોજના
રેગ પીકર્સ શ્રમજીવી ભાઈઓ, બહેનો શહેરમાં ફરીને પ્લાસ્ટિક કચરો વીણવાનુ કામ કરી અને રોજગારી મેળવે છે. જેમાંથી તેઓને વાજબી વળતર મળતું નથી. તેઓનું જીવન ધોરણ ઊંચું આવે તે માટે રેગ પીકર્સ શ્રમજીવી આર્થિક વિકાસ યોજના અમલમાં મુકવામાં આવી છે.

પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ
મહાનગરપાલિકા અને નગરપાલિકા દ્વારા બનાવેલ બાયલોઝ દ્વારા ઓકટોબર થી ડિસેમ્બર (૨૦૨૧) મહિના દરમ્યાન ૧૩.૧૬ લાખ તેમજ જાન્યુઆરી થી ડિસેમ્બર (૨૦૨૧) ૪૧.૫૭ લાખ રૂ. દંડ વસુલ કરવામાં આવેલ છે.
કુલ પ્લાસ્ટિક કચરાનું ઉત્પાદન લગભગ ૧૦03 TPD છે અને મંજૂર કરેલ એકશન પ્લાન મુજબ ૩૨૧.૬ TPD EPR દ્વારા રિસાયકલ કરવામાં આવે છે.

સ્વચ્છ અમૃત મહોત્સવ-૨૦૨૧ અંતર્ગત સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૧માં ગુજરાત રાજ્યને મળેલ એવોર્ડ
ગુજરાત રાજ્યએ સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૨૧માં કુલ ૧૩ એવોર્ડ મેળવી ભારતમાં ૪થો ક્રમાંક પ્રાપ્ત કર્યો.
અમદાવાદ મહાનગરપાલિકાને ૪૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોની કેટેગરીમાં પ્રથમ પુરસ્કાર મળ્યો.
સુરત મહાનગરપાલિકાને દેશના બીજા નંબરના સૌથી સ્વચ્છ શહેરનો એવોર્ડ માન. રાષ્ટ્રપતિશ્રીના વરદ હસ્તે મળેલ છે.
ગાંધીનગર મહાનગરપાલિકાને દેશના સૌથી સ્વચ્છ પાટનગરનો એવોર્ડ મળ્યો.
રાજકોટ મહાનગરપાલિકાને સિટીઝન લીડ ઈનિશિએટીવ એવોર્ડ મળ્યો.

સ્વચ્છ ભારત મિશન અર્બન
Follow us on /sbmugujarat /swachhgujarat www.sbmu-gujarat.in

સ્વચ્છ ગુજરાત
આઝાદી નો અમૃત મહોત્સવ

સ્વચ્છતા અપનાવીએ
આપણા ગામને સુંદર બનાવીએ

શૌચાલયોનું નિર્માણ:
૪૩ લાખથી વધુ શૌચાલયોનું થયું નિર્માણ
૮૩૫૯ સામૂહિક શૌચાલયોનું થયું નિર્માણ

પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન:
- બાંધકામ થયેલ વ્યક્તિગત સોકપીટની સંખ્યા:- ૭૬,૦૬૪
- બાંધકામ થયેલ સામૂહિક સોકપીટની સંખ્યા:- ૬૩૬૨

રાજ્યની ૮ મહાનગરપાલિકાઓના ૫ કિ.મી.ની ત્રિજ્યામાં આવતા ગામડાઓમાં ઘન કચરાનું વ્યવસ્થાપન હાથ ધરવાના રાજ્ય સરકારના નિર્ણયથી ગામો સ્વચ્છ બનશે.

ઘન કચરાનું વ્યવસ્થાપન:
- ડોર ટુ ડોર કચરાનું એકત્રીકરણ થતાં ગામની સંખ્યા - ૫૦૩૯
- બાંધકામ થયેલ સેગ્રીગેશન શેડની સંખ્યા - ૧૨૬૧
- બાંધકામ થયેલ સામુહિક કમ્પોસ્ટ પીટ - ૧૨૮૪૯
- બાંધકામ થયેલ વ્યક્તિગત કમ્પોસ્ટ પીટ - ૧૭૮૪

ગોબરધન યોજના:
નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડને રાજ્યના ૨૨ જિલ્લાઓમાં કલસ્ટર દિઠ ૨૦૦ જેટલા લાભાર્થીઓના ૨૨ કલસ્ટરને ગોબરધન યોજના હેઠળ વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ માટેની મંજૂરી આપવામાં આવી.

પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન માટે રાજ્યમાં અલગ-અલગ સંસ્થાઓ સાથે ૫૨૫ MoU કરવામાં આવ્યા. જેમાં ૬૪૩ ગામોને આવરી લેવાયા.

રાજયના ગ્રામીણ વિસ્તારમાં વધુમાં વધુ સ્વચ્છતા બાબતે જાગૃતિ કેળવવા અને વધુ લાભાર્થીઓને આ કાર્યક્રમનો લાભ આપવા માટે જિલ્લા પંચાયતની ૧૦૯૦ બેઠકો પર "આત્મનિર્ભર ગ્રામ યાત્રા" આયોજિત કરવામાં આવેલ હતી, જેમાં સમગ્ર રાજ્યના ૯૯૩ માર્ગો પર ૧૦૬૦૫ ગામોને ૧૦૦ રથ ફેરણી કરીને આવરી લેવામાં આવ્યા હતા.
"આત્મનિર્ભર ગ્રામ યાત્રા" દરમિયાન રેલી, સાર્વજનિક સ્થળો, જાહેર શૌચાલયો તેમજ મુખ્ય માર્ગોની સાફ સફાઈ, જુના કચરાના ઢગલાનો નિકાલ, પ્લાસ્ટિક કચરાનો નિકાલ, વગેરે સ્વચ્છતા વિષયક પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી.

સ્વચ્છતા કામગીરી માટે ૧૫માં નાણાપંચ હેઠળ કુલ રૂ.૧૭૪.૮૮ કરોડનો ખર્ચ કરાયો
- ગામોમાં ઘન કચરાના વ્યવસ્થાપન એટલે કે ડોર ટુ ડોર કલેક્શન અને અન્ય કામગીરી માટે રૂ.૩૦.૯૬ કરોડનો ખર્ચ કરાયો.
- ગામોમાં ગંદા પાણીના નિકાલ માટેની ભૂગર્ભ ગટર તેમજ અન્ય કામગીરી માટે રૂ.૫૭.૩૫ કરોડનો ખર્ચ કરાયો.
- જાહેરમાં સ્વચ્છતા અને મળ વ્યવસ્થાપન માટે રૂ.૮૬.૫૭ કરોડનો ખર્ચ કરાયો.

કમિશનરશ્રી ગ્રામવિકાસ
www.ruraldev.gujarat.gov.in
GujaratRuralDevelopment

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com